Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-34| December – January 2019

# ભારતીય પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીશિક્ષણ એક વિહંગાવલોકન

ભારતમાં વૈદિકકાળથી જ સ્ત્રી પુરુષને સમાન ગણવામાં આવ્યા છે. ઇન્દ્રીયભેદથી કોઈ નાનું કે મોટું બની જતું નથી. ભારતીય સંસ્કૃતિના ચાર આધારસ્તંભો જેવા ચારવેદ તદ્ઉપરાંત ઉપનીષદો કે પુરાણોમાં દ્રષ્ટિપાત કરતાં એ બાબત સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે સ્ત્રીને પુરુષથી નીચા દરજ્જે ક્યાંય મુકવામાં નથી આવી. વૈદિકકાળમાં સ્ત્રીઓને વેદની રુચાઓ બોલવાનું યજ્ઞ-યજ્ઞાદિ જેવા કોઈ પણ ક્રિયાકાંડમાં સ્ત્રીઓ સમાન હક ભોગવતી હતી. તેમજ શિક્ષણની બાબતમાં પણ સ્ત્રીઓ કયાંય નિમ્નસ્થાને કે દ્વિતીયસ્થાને ન હતી. હા, એ વાત ચોક્કસ કહી શકાય કે સ્ત્રીઓને તેમના જીવન નિર્વાહના સંદર્ભમાં શિક્ષણ અપાતું અને સમાજનું રક્ષણ કેવી રીતે કરવું તે પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું.

ભારતમાં કાળક્રમે અનેક પ્રજાઓ વ્યાપાર અર્થે અથવાતો કોઈક પ્રાકૃતિક આપદાઓથી બચવા ભારતમાં આવી. આ પ્રજાઓ પૈકીની એક પ્રજા એટલે ભારતમાં આવેલ મુસલમાનો. મુસ્લિમોમાં સ્ત્રીઓને શિક્ષણનો અધિકાર ન હતો. તેમજ પડદાપ્રથામાં રહેવાનું જાણે કે ફરજીયાત હતું. આથી ભારતના અને ગુજરાતના ઇતિહાસમાં મુસ્લિમ સલ્તનતના સમયગાળાને અંધકારયુગ તરીકે પણ ઓળખવામાં આવેલ છે પરંતુ ધીમે ધીમે મુસ્લિમ સલ્તનતને હટાવવા અથવા કહો કે વ્યાપારઅર્થે આવેલા અંગ્રેજો વળી પુનઃ સ્ત્રીશિક્ષણની હિમાયત કરે છે. અને સ્ત્રીશિક્ષણ, સ્ત્રી જાગૃતિની જાણે કે શરૂઆત થાય છે.

આપણે જાણીએ છીએ તેમ શિક્ષણ સમાજ પરિવર્તનનું એક ખૂબ જ મહત્વનું સાધન મનાય છે. શિક્ષણ થકી વ્યક્તિની બુદ્ધિ, તર્કશક્તિ, વ્યક્તિત્વનો વિકાસ થાય છે અને લોકોમાં જાગૃતિ લાવે છે. એટલે જ તો શિક્ષણ પંચ પોતાના હેવાલમાં જણાવે છે કે સમાજમાં વિશાળ સ્વરૂપમાં લોકોની જ્ઞાન, કુશળતા, હિતો અને મૂલ્યોમાં પરિવર્તન લાવવાનો ક્રાંતિ સિવાયનો બીજો રસ્તો તે શિક્ષણ છે. ઉચ્ચશિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તે કારણસર સૌ પ્રથમ ઈ.સ. ૧૯૪૮-૪૯માં ‘યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન’ એટલે કે રાધાકૃષ્ણન કમિશનથી માંડીને કોઠારી કમિશન, નેશનલ પોલીસી ઓન હાયર એજ્યુ. જેવા કમિશનો રચીને આજદિન સુધી બૌદ્ધિકો અને કેળવણીકારો ઉચ્ચશિક્ષણની સ્થિતિ, તેની ગુણવત્તા અને મૂલ્યનિષ્ઠાનું ચિંતન કરતા આવ્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા-૪/૩૮માં કહ્યું છે કે “न हि ज्ञानेन सदृशं पवित्रमिव विद्वते।” અર્થાત્ “આ જગતમાં જ્ઞાન જેવું બીજું કાંઈ પવિત્ર નથી.”

વિશ્વભરમાં સ્ત્રી ચળવળનો ઇતિહાસ જોઈએ તો ખ્યાલ આવે છે કે સમાજમાં સ્ત્રીનો દરજ્જો ઊંચો લાવવાના સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ દરેક ચળવળ ચલાવનારા દેશોએ કર્યો છે. હિન્દુસ્તાનમાં સ્ત્રી શિક્ષણનું મહત્વ સ્વતંત્રતા પહેલાં આંકવામાં આવ્યું હતું. લગભગ આજથી દોઢસો વર્ષ પહેલાં એટલે કે ૧૯મી સદીના છેલ્લા ભાગમાં આપણા દેશમાં સ્ત્રીશિક્ષણનો ખ્યાલ દાખલ થયો હતો. અને વીસમી સદીની શરૂઆત થતાં જ આખા દેશમાં

સ્ત્રીશિક્ષણની પહેલ થઇ ગઈ હતી. જે સમાજસુધારકો હતા તેમના મત મુજબ સ્ત્રીશિક્ષણ સમાજસુધારાનું આવશ્યક અંગ હતું. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં સ્ત્રી કેળવણીનો પ્રારંભ આમ તો ઇ.સ. ૧૮૨૩માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાના કબજા હેઠળના પ્રદેશોમાં કેળવણી માટે ખર્ચની જોગવાઈ કરી હતી પણ સ્ત્રી કેળવણી તરફ ધ્યાન આપવાનો ઉલ્લેખ સુધ્ધાં ૧૮૧૩ના ચાર્ટરમાં નહોતો. તેથી જ તો મોટાભાગની સ્ત્રીઓ લખવાનું-વાંચવાનું પણ શીખી શકે તેવી અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ નહોતી. 'લંડન મિશનરી સોસાયટી' તથા 'આઈરીશ પ્રેસબીટેરિયનમિશને' ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બોરસદ,પોરબંદર, દેવણ અને ઘોઘા વગેરે સ્થળોએ શાળાઓ સ્થાપીને કન્યા કેળવણીના સારા એવા પ્રયાસો કર્યા હતા. જો કે સ્ત્રીને શિક્ષણ આપવા પાછળનો હેતુ ભિન્ન ભિન્ન અને અસ્પષ્ટ હતો. ભણેલી ગૃહિણી અને આદર્શ માતાનો ખ્યાલ સ્ત્રીશિક્ષણના પાયામાં હતો.

બીજી બાજુ સમાજમાં અનેક પ્રકારનાં સામાજિક અનિષ્ટો વધી ગયાં હતાં. રૂઢિચુસ્ત સમાજમાં સામાજિક અનિષ્ટોને કારણે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડતું હતું. અત્યંત નાની વયે લગ્ન અને બાળવિધવા જેવી નાજુક સમસ્યાઓ સમાજ સુધારકોની સતાવી રહી હતી. બાળવિધવાઓ સમાજને બોજારૂપે લાગતાં હતાં, તેમાંથી સતીનો રીવાજ ફેલાતો જતો હતો. આવા પ્રકારના સામાજિક અનિષ્ટો દૂર કરવા સ્ત્રીશિક્ષણ અનિવાર્ય જણાયું હતું. આ રીતે સમાજસુધારાના તબક્કામાં સ્ત્રીશિક્ષણની જરૂરિયાત બે કારણોસર હતી. પ્રથમ કારણમાં સ્ત્રીઓનો દરજ્જો ખૂબ નીચે હતો તેને ઊંચે લાવવો, સામાજિક અનિષ્ટો દૂર કરવા શિક્ષણ અસરકારક સાધન મનાયું હતું. બીજા કારણમાં શિક્ષણ દ્વારા સ્ત્રીઓને નવી કેળવણી આપવાની હતી, જેથી આદર્શ ગૃહિણી, માતા અને જીવનસંગિની બની શકે. ટૂંકમાં સ્ત્રીશિક્ષણ દાખલ કરવા પાછળ સ્ત્રીઓની સ્થિતિ સુધારવી તે હેતુ હતો.

ઈ.સ. ૧૮૪૯માં અમદાવાદમાં કરુણાશંકર માસ્તરે એમની શાળામાં કન્યાઓને દાખલ કરવાનો પ્રબંધ રાખ્યો હતો. અને સાવિત્રીબાઈ અને જ્યોતિબા ફૂલેએ ૧લી જાન્યુઆરી ૧૮૪૮ના રોજ પુણે જીલ્લાના ભીડેવાડા ગામે કન્યાઓ માટે દેશની પ્રથમ શાળા શરૂ કરી. સાવિત્રીબાઈ અને મહાત્મા ફૂલેએ એક વર્ષમાં પાંચ નવી શાળાઓ ખોલી. સરકારે તેમનું સન્માન પણ કર્યું. તેમને આ કાર્ય માટે આમણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી મુશ્કેલીઓ પડી હતી. તો રા.બ. મગનભાઈ કરમચંદે બે કન્યાશાળાઓ શરૂ કરવા માટે રૂપિયા ૨૦,૦૦૦નું દાન ઈ.સ. ૧૯૫૦માં આપેલું. સુરતમાં દુર્ગારામ મહેતાજીએ ૧૮૫૧માં કન્યાશાળા શરૂ કરી હતી. વડોદરામાં બે કન્યાશાળાઓ ઈ.સ. ૧૮૫૭માં અસ્તિત્વમાં આવી. અમદાવાદમાં કુ. મેરી કારપેન્ટરના પ્રયાસોથી સ્ત્રીશિક્ષણ માટે અધ્યાપન મંદિરો ૧૮૭૦માં શરૂ થયાં હતાં, જેમાં પ્રૌઢ મહિલાઓને સામાન્ય શિક્ષણની સાથે સાથે શિક્ષિકા બનવાની તાલીમ અપાતી હતી.

આમ છતાં સ્ત્રી કેળવણીનો ખરોવેગ તો ૧૮૮૨માં નિમાયેલા 'હંટર શિક્ષણ પંચ'ની ભલામણોને કારણે જ મળ્યો. જો કે રાજ્યસરકારે ખાસ કાંઈ કર્યું નહીં પણ રાજકીય-સામાજિક જાગૃતિને કારણે આર્યસમાજ, થિયોસોફીકલ સોસાયટી જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ સ્ત્રીશિક્ષણમાં સારો એવો ફાળો આપ્યો. ઈ.સ. ૧૮૮૫માં કુમારી કોર્નિલિયા સોહાબજી મુંબઈ પ્રાંતમાં પ્રથમ સ્નાતક બન્યાં. ત્યાર પછી ૧૯૦૧માં ગુજરાતમાં શ્રીમતી વિદ્યાગૌરી અને શ્રીમતી શારદાબહેન મહેતાને પ્રથમ સ્નાતક થવાનું શ્રેય સાંપડ્યું.

મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ 'ગૂજરાત વિદ્યાપીઠ'ની ૧૯૨૦માં સ્થાપના થઇ. ગૂજરાત વિદ્યાપીઠે આગેવાની લેવાને પરિણામે બોચાસણમાં વલ્લભ વિદ્યાલય, નડિયાદમાં વિઠ્ઠલ વિદ્યાલય, વેડછીમાં

સ્વરાજ્ય આશ્રમમાં રાષ્ટ્રીય કેળવણીનો આરંભ થયો. સ્ત્રીશિક્ષણને ગાંધીજીના ૧૪ રચનાત્મક કાર્યક્રમોમાંના એક તરીકે સ્થાન મળવાને કારણે ગુજરાતનો માર્ગ એમણે મોકળો કરી આપ્યો. એવી માન્યતા બંધાઈ કે ઉચ્ચશિક્ષણ દ્વારા સ્ત્રીમન મુક્ત થઇ શકે.

ઈ.સ. ૧૮૮૬માં ધોન્ડુ કેશવ કર્વેએ એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. જો કે તે સમયે ‘હિન્દુ વિડોઝ હોમ’(હિન્દુ વિધવા ગૃહ) તરીકે તે વધારે જાણીતી હતી. કર્વેનું સ્વપ્નું સ્ત્રીઓને આર્થિક રીતે પગભર બનાવવાનું હતું અને તે શિક્ષણ દ્વારા જ શક્ય બને તેવું માનવું હતું. એટલે ત્રણ વિધવાઓથી સંસ્થાની સ્થાપના થઇ. ૧૯૧૬માં પ્રથમ કૉલેજ સ્થાપી જેમાં ચાર વિદ્યાર્થિનીઓએ પ્રવેશ મેળવ્યો. ૧૯૨૦માં સર વિઠ્ઠલદાસ ઠાકરસીએ ૧૫લાખ રૂપિયાનું અનુદાન આપ્યું.

ખરી રીતે જોઈએ તો ગુજરાત એક પછાત વિસ્તાર ગણાય છે. ગુજરાતમાં પછાત જ્ઞાતિઓ તથા આદિવાસીઓની સંખ્યા સારી એવી છે. આ વર્ગોની સ્ત્રીઓના ઉદ્ધાર માટે અમદાવાદ શહેરે સૌ પ્રથમ પ્રૌઢશિક્ષણની સમિતિ નીમી હતી. શહેરના મજૂર વિસ્તારોમાં પ્રૌઢશિક્ષણના પ્રચારાર્થે ૭૦ જેટલાં કેન્દ્રો ખોલ્યાં હતાં. આ બધાં કેન્દ્રોમાં ૯૮,૨૨૨ પુરુષો અને એથી ત્રણગણી સ્ત્રીઓ એટલે ૨૭,૮૦૭ સ્ત્રીઓ એનો લાભ લેવા આગળ વધી હતી.

ઈ.સ. ૧૯૩૫માં સર રફીઉદ્દીન એહમદે સ્ત્રીઓને નર્સિંગ તથા દાયણોની નિ:શુલ્ક તાલીમ મળી રહે તે માટે મુંબઈ રાજ્યની વિધાનસભા એક ખરડો રજૂ કર્યો હતો. પહેલા વાંચનમાંજ આ ખરડો પસાર થઇ ગયો હતો. એક માહિતી મુજબ ગુજરાતને ૪૩૦૦ જેટલી નર્સોની જરૂર હતી. પાંચ હજાર વ્યક્તિએ એક નર્સ હોવી જોઈએ તેવું અનુમાન હતું. પણ માત્ર ૯૩૫ નર્સો હતી. ગુજરાતમાં ૩૫ જેટલી શાળાઓ આ શિક્ષણ આપતી હતી. દર વર્ષે આ સંસ્થાઓમાં ૧૮૬૩ જેટલી નર્સો તાલીમ લેતી હતી.

સ્ત્રીશિક્ષણના અને સ્ત્રીદરજ્જાના આ પ્રકારના વિચાર વલોણામાં સાહિત્યકારો પણ જરાય ઉણા ઉતર્યા નથી. સાહિત્યકારે પણ પોતાના સમાજધર્મ બજાવતાં સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીદરજ્જા વિષે સાહિત્ય સર્જન કર્યું છે. સુધારકયુગમાં ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનોમાં આદ્ય મનાયેલા નર્મદે તેના ‘નર્મગદ્ય’ તેમજ કવિતાઓમાં સ્ત્રીશિક્ષણ તેમજ સ્ત્રીઓના દરજ્જા વિષે નિબંધો તથા કાવ્યો સ્વરૂપે પોતાની ચિંતા રજૂ કરી છે.

૧૯૪૮ના વર્ષ દરમિયાન ગુજરાતની સ્ત્રીઓમાં લશ્કરી તાલીમ પ્રત્યેનો ઉત્સાહ ઘણો વધી ગયો હતો. અમદાવાદમાં ૨૦ જેટલાં કેન્દ્રો લશ્કરી તાલીમ અથવા બંદૂક ચલાવવાના માટેના વર્ગો સ્ત્રીઓ માટે ચાલતાં હોવાનું નોંધ્યું છે. આ વર્ગો અમદાવાદમાં ‘રાઈફલ ટ્રેનીંગ ઇન્સ્ટિટયૂટ’ તરફથી ચલાવવામાં આવતા. જુનાગઢ જેવા નવાબી રાજ્યમાં પણ ૫૦ સ્ત્રીઓને તાલીમ આપવામાં આવી રહી હતી અને ૮૦ જેટલી સ્ત્રીઓએ પોતાનાં નામ નોંધાવ્યાં હતાં.

શૈક્ષણિક કાર્યાલયોમાં સ્ત્રીઓની નિમણુંક થવા લાગી. ત્રીસી અને ચાળીસીના ગાળા દરમિયાન શિક્ષિત સ્ત્રીઓ અમદાવાદ, સુરત, વડોદરા અને નડિયાદ અને અન્ય નાનાં શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની શિક્ષણ સમિતિઓ ઉપર ચૂંટાઈને આવી. ૧૯૩૪માં વિદ્યાબહેન નીલકંઠ અમદાવાદના મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં ચેરમેન તરીકે ચૂંટાયાં. મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કુ. રેણુબાઈ અભ્યંકરની નિમણુંક કરવામાં આવી. ૧૯૪૬માં કપિલા ખાંડવાળા મુંબઈ યુનિવર્સિટીની સેનેટમાં ચૂંટાયાં. મુંબઈ યુનિવર્સિટીની સિન્ડીકેટમાં એનીબહેન સરૈયા ચૂંટાનારા પ્રથમ સ્ત્રી હતાં. એમ.એ.ની ઉપાધી મેળવવાનું માન ૧૯૨૭માં

શારદાબહેન દિવાનને મળે છે. આઝાદી પછીનાં વર્ષોમાં ડોક્ટરેટની ઉપાધી મેળવવાની મહત્વકાંક્ષા બહેનોમાં ઊગી હોય એવાં એંધાણ છે. સુસ્મિતા મેઢ ગુજરાતમાં પ્રથમ પીએચ.ડી.ની ડીગ્રી મેળવવા માટે ભાગ્યશાળી બને છે.

**ઉપસંહાર:**

આમ, ઉપર મુજબ સમગ્રતયા જોતાં આપણી સમક્ષ ભારતીય પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીશિક્ષણ અંગેનો એક ચિતાર રજૂ થાય છે. સ્ત્રીશિક્ષણ વિષે સમયે-સમયે ભિન્ન-ભિન્ન મત મતાંતરો પ્રગટ થયા છે. પરંતુ જ્યાં જ્યાં જે જે સમયે સ્ત્રીઓના શિક્ષણ પર તેમજ સ્ત્રીઓના માન-મોભા વિષે ચિંતનો થયા અને તેમની શિક્ષણની અને માન-મોભાની હિમાયત કરવામાં આવી. તે તે સમયે સુવર્ણયુગ તરીકે પ્રસંશનીય થયો તે વાત નિર્વિવાદ કહી શકાય તેમ છે.

## સંદર્ભ ગ્રંથો


I. ગુજરાતની સ્ત્રીઓના દરજ્જાનો અભ્યાસ (સં. હર્ષિદા રામુ પંડિત, પ્રથમ આવૃત્તિ ૨૦૧૩, નવસર્જન પબ્લિકેશન) (પૃ. ૭,૧૪,૧૫)

II. સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, ડૉ. કલ્પના શાહ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. (પૃ. ૧૫,૧૬,૧૭)

III. ભારતમાં સ્ત્રીનો પલટાતો દરજ્જો-દેસાઈ નીર, આર.આર.શેઠ કંપની, મુંબઈ, ૧૯૮૦


*****************************************************************************************************


હાર્દિક પ્રજાપતિ

પાટણ


Copyright © 2012 – 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat